આદિ વચન.

શ્રી. ગિજુભાઈ બધેકા પ્રત્યે હું આકર્ષાયો, કારણ તેમને બાળકો પ્રિય છે. હું પોતે પણ બાળકોનો ચાહ મેળવવાને ને તેને પાત્ર બનવાને પ્રયત્ન કરું છું. એક જ પંથના પ્રવાસી તરીકે મારી તેમની જોડે ઓળખાણ થઈ.

અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને એક સુંદર બાલ શિક્ષકના પરિચયનો લાભ મળે એમ ધારીને તેમને અમે નોતરેલા. રસમય બાલ શિક્ષણમાં પણ સૌથી વધારે રસમય ભાગ જે વાર્તા એ વિષય ઉપર તેમણે સાથેનો નિબંધ વિદ્યાર્થીઓ સમક્ષ વાંચી બતાવ્યો ને એક બાળવાર્તા નમૂના રૂપે કહી સંભળાવી. સાંભળીને ઉંમરે પહોંચેલાઓને પણ નાનાં બાળકો જેટલોજ આનંદ મળ્યો.

બાલવાર્તાની કસોટી, મને લાગે છે, એજ હોય, કે તેનો વિષય, ભાષા, ભાવ બધું બાલોચિત તો હોય જ. પરંતુ તે ઉપરાંત જે રસ તેની અંદર રહેલો હોય તે તો કોઈ પણ ઘરડા ડોસાના ગાલના ઊંડા ખાડાઓને પણ આનંદથી ભરી દે.

" બાલવાર્તા "ના નિબંધ સાથે સાથે જ પ્રસિદ્ધ થાય એ ઉચિત હોવાથી કાકા સાહેબ કાલેલકરના વાર્તા ઉપરના બે નિબંધો પણ આ સાથે રાખ્યા છે. એ નિબંધો સત્યાગ્રહાશ્રમમાંથી પ્રગટ થએલા બાળુભાઈમાં પ્રસિદ્ધ થયા હતા.

અધ્યાપન મંદિર,
મણિપુર.

જુગતરામ દવે.

બાલવાર્તાઓ.

બાલવાર્તાઓ એટલે બાલકોને કહેવાની વાર્તાઓ. પૃથ્વી ઉપરના દરેક દેશમાં વાર્તાનું સાહિત્ય છે, અને ખાસ કરી બાલવાર્તાનું સાહિત્ય છે. એક પણ દેશ એવો નહિ હોય કે ત્યાં બાલવાર્તાનું સાહિત્ય નહિ હોય અને જ્યાં બાલકોને વાર્તાઓ નહિ કહેવાતી હોય. દરેક સાંજે વાળુ કર્યા પછી બાળકોનું નાનું ટોળું ઘરના વૃદ્ધ જન પાસે વાર્તા સાંભળવા એકઠું થવાની રીત પૃથ્વી ઉપરના સુધરેલા તેમજ જંગલી કહેવાતા લોકોમાં સરખીજ છે. કોઇ પણ બાલક વાર્તાના શ્રવણ માટે નિરંતર ઉત્સુક રહે છે, વાર્તાના શ્રવણથી આનંદિત થાય છે, અને વાર્તાના શ્રવણને આધીન બને છે.

બાલકોને વાર્તાઓ શા માટે કહેવામાં આવે છે એટલે કે બાલકોને વાર્તા કહેવાનો શો ઉદ્દેશ છે અને શા માટે બાળકો વાર્તા શ્રવણ ઉપર મુગ્ધ બને છે તે જાણવું જોઇએ. આ દુનિયા પર આવી પડેલ બાળકને આ દુનિયાં જોતાંજ ચમત્કાર ભાસે છે; આ દુનિયાની નાનામાં નાની અને મોટામાં મોટી દરેક વસ્તુ, નાનામાં નાનો અને મોટામાં મોટો દરેક બનાવ આરે ચમત્કારિક લાગે છે. પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક બનાવ તેના મનને એક એક અદ્ભુત અને ચમત્કારિક વાર્તા છે. સૂર્યનું ઉગવું, પવનનું વાવું, ઝાડનું હાલવું, કૂદવું, નાચવું કે પડી જવું એ બધીય વાતો બાળકની વાર્તાના વિષયો છે; એ બધાંયમાંથી બાલવાર્તા જન્મી છે. બાળક જ્યારે જ્યારે આ દુનિયાનો પરિચય કરે છે, જ્યારે જ્યારે આ દુનિયાંના રહસ્યો સમજે છે ત્યારે ત્યારે પ્રત્યેક પળે તે એક એક વાર્તા બનાવે છે અને સાંભળે છે. કવિતામય બાળવાર્તા બનાવવાના અને સાંભળવાના બાળકોના સ્વપ્રયાસોની [illegible]જ, તેને જે જે બાલવાર્તાઓ કહીએ છીએ તેનો ઉદ્દેશ, આ દુનિયાને વાર્તામાં વણી કાઢવાનો બાળકોનો જે ખુદ ઉદ્દેશ છે, તેજ છે. બાળકોનો મુખ્ય ઉદ્દેશ આ નવીન દુનિયાનો આનંદ લુંટવાનો છે અને આપણો ઉદ્દેશ [illegible]ાડવાનો છે અને આનંદ વડે બાલ મનને રંજિત કરી તેને દુનિયાથી પરની અને સ્થૂલ અને સૂક્ષ્મ એવી સઘળી ભાવ- [illegible] એ બાલમનને કલ્પક અને સ્થૂલ [illegible]

બીજા ઉદ્દેશોમાં બાલકને સ્વાભાવિકતામાં વિચરવા દેવાનો ઉદ્દેશ અગ્રસ્થાન ભોગવે છે. માનસ શાસ્ત્ર હજી સુધી માને છે કે મનુષ્યનો વિકાસક્રમ સમાજના વિકાસક્રમને અનુસરતો હતો. સમાજની જે સ્થિતિ તેની બાલ્યાવસ્થામા હતી તેવીજ સ્થિતિ મનુષ્યની તેની બાલ્યાવસ્થામા હોય છે. જ્યારે સમાજ બાલ્યાવસ્થામા હતી ત્યારે સમાજ જે જીવનમા રસ લેતી, જે જીવનદ્વારા જીવનને વધારતી અને જે જીવન પોતાની રગેરગમા ભરતી તેજ જીવન બાલકનું જીવન છે અને તેથી તે સ્વાભાવિક છે. સમાજના બાલ્યકાળમા સમાજ આ સૃષ્ટિની ચમત્કૃતિઓની વાતાઓ ગૂંથતી હતી, એ વાર્તાઓને ગાતી હતી અને એ વાર્તાઓને પોતાનો પ્રાણ બનાવતી હતી, બાલકો પણ એમજ કરે છે. સમાજ પોતાની બાલ્યાવસ્થામા વાર્તાને રચતી હતી અને કહેતી હતી તેજ પ્રમાણે મનુષ્ય પોતાના શૈશવમા વાર્તાને રચે છે. અને કહે છે. બાલ્યાવસ્થાનો સમાજ વાર્તાના કથન શ્રવણને જીવનવૃત્તિ ગણતી હતી તેજ ધોરણે બાલ્યાવસ્થામા મનુષ્ય વાર્તાના કથન શ્રવણને જીવનવૃત્તિ ગણે છે અને અનુભવે છે પણ.

બાલવાર્તાના કથનનો ત્રીજો ઉદ્દેશ બાલકને પ્રજાની સંસ્કૃતિમા ઉછેરવાનો અને બાલકના જીવનને સમાજ જીવનના અનંત કાળથી વહેતા આવતા ઘોધ સાથે જોડી દેવાનો છે. બાલવાર્તા લોક સાહિત્યનું અંગ છે. લોક સાહિત્યમા પ્રજાની સંસ્કૃતિનો આત્મા છે, પ્રજાજીવનનુ પ્રતિબિમ્બ છે. આ પ્રજાની સંસ્કૃતિ અને પ્રજાનું જીવન આપણે બાલવાર્તાદ્વારા બાલકોમા રેડીએ છીએ. બાલવાર્તાદ્વારા બાલકોને તેમા ઉછેરીને પરંપરાનો તાગડો આપણે લંબાવ્યે જઇએ છીએ. જ્યા જ્યા પ્રજા જીવનની સંસ્કૃતિ ઉપર ધૂળ ચડી ગઇ છે. જ્યા જ્યા પ્રજા જીવનનું પ્રતિબિમ્બ ઝાંખુ થઇ ગયું છે ત્યા ત્યા સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે, અને પ્રજાજીવનને તેજદાર બનાવા માટે બાલવાર્તાનું કથન અતિ આવશ્યક છે. બાલવાર્તાના અન્ય ગૌણ ઉદ્દેશો ઘણા છે. એ બધાને બાલવાર્તાના કથન શ્રવણના લાભરૂપે ગણાવી શકાય. બાલવાર્તાથી બાલકની ભાષાશુદ્ધિ સાધી શકાય છે. શુદ્ધ ભાષાજ્ઞાન માટે શુદ્ધ ભાષાનો પરિચય એ એકજ રાજમાર્ગ છે, બાલવાર્તાદ્વારા બાલક શુદ્ધ ભાષાના પરિચયમા આવે છે એટલુંજ નહિ પણ જે શબ્દ સમૂહો [illegible] સમૂહોથી અને જોડકણાથી ભાષા સ્પષ્ટ, જોસદાર અને અસર[illegible]

[illegible]થી આપોઆપ બાલ[illegible]

બીજ છે કે જે બાલ મગજમાં શુદ્ધ ભાષાનું વાતાવરણ ભરી દે છે. બાલવાર્તાના કથનથી બાલકને વાર્તાનો માલિક બનાવી શકાય છે. બાલક વાર્તાનો માલિક બનવાથીજ વાર્તાની પરંપરા ટકી રહે છે. આથી બાલવાર્તાના કથનદ્વારા બાલવાર્તાની અનંતતા વધારવાનો અને મનુષ્યના જીવનના ભૂતકાળ અને ભવિષ્યને સંકલિત કરવાનો લાભ ઉઠાવી શકાય છે. વાર્તાઓ ગમે તેટલી સંભળાય કે વાંચી જવાય પરંતુ તેથી બાલવાર્તાની અનંતતા કદિ પણ ઉભી થાય નહિ. એક પ્રજાએ ભવિષ્યની પ્રજાને બાલવાર્તાઓ વારસામાં આપવીજ હોય તો તે બાલવાર્તાઓ તેણે ભવિષ્યની પ્રજા બનનાર બાળકોને કહેવીજ જોઇએ. વાર્તાના કથન માત્રથી વાર્તાને ભવિષ્યની પ્રજામાં આપણે વાવી દઇએ છીએ. બાલકને વાર્તાનો માલિક બનાવી ભવિષ્યની પ્રજાને વાર્તાનો ભારે મોટો વારસો આપણે આપી શકીએ છીએ.

શિક્ષણની દૃષ્ટિએ બાલવાર્તાના કથનથી બાલકની સ્મરણ શક્તિ ખીલવી શકાય છે. અનંત કાળથી ઉતરી આવેલી વાર્તાઓની રચના કંઇ એવાજ પ્રકારની છે કે બાલકની સ્મરણશક્તિ વધારવામાં તે ઉપયોગી થઇ પડે છે. માનસશાસ્ત્રના ધોરણ અનુસાર સ્મરણશક્તિ પોષક જે તત્વો છે તે તત્વોમાંનાં કેટલાએક સારા તત્વો બાલવાર્તામાં છે. બાલવાર્તાની બાંધણી, બાલવાર્તાના શબ્દ સમૂહ કે વાક્યસમૂહની ગોઠવણ, બાલવાર્તામાં શબ્દ સમૂહ કે વાક્યસમૂહના પુનરાવર્તન, બાલવાર્તામાં આવતાં જોડકણાં અને ગીતડાં; એ બધાય સ્મરણ શક્તિના પોષક છે. એક સાંભરતા બીજું સાંભરે છે, એકમાંથી બીજું સહેજે જન્મે છે, અને બધું સ્મરણ શક્તિના વિકાસને ટેકારુપ બને છે. આ વાતનો પ્રત્યક્ષ પૂરાવો બાલકો પોતેજ છે. જે બાલકોને વાર્તાઓ ઘણામાં ઘણી યાદ રહે છે તે બાલકની સ્મરણશક્તિ બીજી બાબતમાં પણ સારી જોવામાં આવે છે.

વાર્તાના કથનથી બાલકમાં રહેલી અનુકરણ કરવાની વૃત્તિને અનુકૂલતા મળે છે, અને એ વૃત્તિમાંથી જન્મ પામતી નાટ્યપ્રયોગો કરવાની બાલવૃત્તિને પોષણ મળે છે. બાલવાર્તાઓ બાલકોમાં ભાષા અને ભાષાની વસ્તુ રેડે છે. એ વસ્તુથી અને એજ ભાષાથી બાલકો સંવાદો દ્વારા અને નાનાં નાનાં [illegible]કોદ્વારા તેમની તે કાળની સાહજિક વૃત્તિને પોષે છે અને વળી [illegible]ના કથન અને તેની ભાષાને દૃઢપણે મેળવી શકે છે, તેને પોતાનાજ [illegible] ભવિષ્યની પ્રજાના બાલવાર્તાના [illegible]કારો અને

આપે છે. બાલવાર્તાના લેખનમાંથી નિબંધકાર બનવાનું સહેજે થઇ આવે છે. જેટલા પ્રમાણમાં બાલવાર્તાથી બાલકની ભાષા શુધ્ધ બને છે—એકાગ્ર છે તેટલાજ પ્રમાણમાં બાલકનું લેખન સ્પષ્ટ, શુધ્ધ અને જોસદાર બને છે. બાલવાર્તાનું લેખન નિબંધ શિક્ષણનું એક સુંદર પગથીયું છે. અત્યારે ચાલતી નિબંધ શિક્ષણ પદ્ધતિમાં બાલવાર્તાના લેખનને સ્થાન નથી મળતું તેમાં ભારે ગંભીર ભુલ છે. જે વસ્તુને સાંભળવાનો બાલકમા સ્વાભાવિક પ્રેમ છે તે વસ્તુ લખવાનો પણ સ્વાભાવિક પ્રેમ હોયજ, અને આથીજ બાલવાર્તાઓનું કથન નિબંધ શિક્ષણના પ્રસ્તાવરૂપે ઉપયોગી છે.

શાળાની વ્યવસ્થાની દષ્ટિએ કે સામાન્ય વ્યવસ્થાની દષ્ટિએ બાલવાર્તાઓનું કથન એક રામબાણ ઔષધ છે. આમા કેળવણી શાસ્ત્રનો સિધ્ધાન્ત છે. જે વસ્તુમા બાલકને રસ પડે છે—નહિ કે જે વસ્તુમા બાલકનો રસ ઉત્પન્ન કરવામા આવે છે તે વસ્તુમાં બાલક સ્વાભાવિક રીતે તલ્લીન થાય છે, અને જ્યારે બાલક તલ્લીન થઇ જાય છે, ત્યારે શાળાની વ્યવસ્થામાં અદ્ભુત શાંતિ જામે છે. બાલવાર્તા બાલકોનો અતિપ્રિય વિષય છે. એ સાંભળવા માટે ઉછળતા ઉત્સાહથી જે પ્રાથમિક ગડબડ થઇ રહે છે તે વાર્તાનો એકજ બોલ ,શરૂ થતા—કહેનારના મુખમાથી ખરતાં—સર્વત્ર નિરવશાંતિ ફેલાય છે. બાલ મંડળીની આખો, હાથ, પગ, શરીરના સર્વ અંગો સ્થિરતાને પામે છે અને બાલમન એકાગ્ર થાય છે. બાલવાર્તાનું આ ન સમજી શકાય તેવું જાદુ છે. આ જાદુથી શાળાની વર્ગવ્યવસ્થાના સઘળા પ્રશ્નો આપોઆપ ઉડી જાય છે. આ જાદુની અસર આખી શાળામા, સઘળા વર્ગોમાં, સઘળા વિષય શિક્ષણના સમયોમા અને છેવટે જીવનમા પણ થાય છે

બાલવાર્તાના કથનથી શિષ્ય શિક્ષકનો સંબંધ વધે છે—ધાટો થાય છે. શિષ્ય શિક્ષકની નજીક આવે છે અને શિક્ષક શિષ્યને સમજી શકે છે. બાલવાર્તાથી શિક્ષકોનો શિષ્યો ઉપર એવો તો ભારે કાબૂ જામે છે કે શાળાનું સઘળું કામ સુવ્યવસ્થિત ચલાવવા માટે બાલવાર્તા કહેનાર શિક્ષકની એક શાંત આજ્ઞા પણ બસ છે. બાલક જ્યારે શિક્ષકને શિક્ષક રૂપે ભૂલી જાય છે, જ્યારથી શિષ્યને મન શિક્ષક પોતાના જેવોજ એ બાલસ્વભાવનો મનુષ્ય છે એમ ભાસી જાય છે, ત્યારે અને ત્યારથી બાલક શિક્ષ[illegible] બની જાય છે, ભૂતની ચોટલી પેઠે બાલક શિક્ષકની લગામમાં રાજી આવી જાય [illegible]. બાલવાર્તાનો શિક્ષક બાલવાર્તાના [illegible]

બને છે ત્યારે કહેનાર સાંભળનારમાં એક જાતનો અભેદ જામે છે, જે અભેદ શિક્ષણની સફળતાની ચાવી છે.

વિષય શિક્ષણની દૃષ્ટિએ બાલવાર્તાનું શિક્ષણ ઘણું લાભદાયક છે. પ્રત્યેક વિષયના શિક્ષણની શરુઆત વાર્તાદ્વારા સુંદર રીતે થઇ શકે છે. એવી બાલવાર્તાઓ હોય કે જેવાં પ્રત્યક્ષ કે પરોક્ષ જૂદા જૂદા વિષયોનાં બીજો અને રેખાઓ હોય છે. કેટલીએક વાર્તાઓમાં ઇતિહાસ હોય છે, કેટલીએક વાર્તાઓમાં વિજ્ઞાન કે અર્થશાસ્ત્રના સિધ્ધાન્તો ગૂંથાયેલા હોય છે, તો કેટલીએકમાં નીતિનાં ગૂઢ રહસ્યો છૂપાં છૂપા પડેલાં હોય છે. ઘણીવાર વાર્તામાંથી સીધીરીતે બાલકને વિષયના જ્ઞાનનો માર્ગ ઉઘડે છે તો ઘણીવાર સમય જતાં મહાન્ સિધ્ધાન્તો બાલવાર્તાઓમાંથી બાલકના મગજપર પ્રકાશ પાડે છે. વાર્તાના કથનનો શુધ્ધ અને પ્રમુખ હેતુ સાચવીનેજ આ બધું બની શકે છે.

બાલવાર્તાઓ કેવી હોવી જોઇએ ?

બાલવાર્તાનાં લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય:—

૧. બાલવાર્તા બાલકની દુનિયાંની હોવી જોઇએ. સમાજક્રાન્તિઓના અભ્યાસીઓનું માનવું છે કે સમાજ તેના બાલ્યકાળમાં કુદરતી હતી કુદરતના ખોળે તે રહેતી હતી. કુદરત સાથે તેનો ગાઢ સમ્બન્ધ હતો. માનસ શાસ્ત્રીઓ કહે છે કે સમાજનું બાલ્યકાળનું જીવન મનુષ્યના બાલ્યકાળના જીવનને મળતું છે. મનુષ્ય બાલ્યાવસ્થામાં કુદરતી છે, કુદરત તેના પ્રાણને પોષે છે, કુદરત અને માતાને ખોળે તે ઉછરે છે, કુદરતનાં વૃક્ષો, પશુઓ, પક્ષીઓ, ફુલો, નદીઓ, આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા, આબોહવા અને એવું બધું બાળકની દુનિયાં છે. બાળકને આખું વિશ્વ મહાન્ ચમત્કાર છે. તે જ્યાં જુએ છે ત્યાં નવીનતાજ ભાળે છે. પહેલી તકેજ આ બધું નીહાળવાને અને તેને સમજી જવાને તે અતિ ઉત્સુક રહે છે. તેની ઇન્દ્રિયોના બધા વ્યાપાર આકાશ જોવામાં, પશુ પક્ષીઓના અવાજ સાંભળવામાં, અનેક ...વામાં અને ચાખવામાં રોકાય છે. આ વખત ... જે વાર્તાઓમાં પ્રાણીઓની હાજતો ...કાશ, સૂર્ય, ચંદ્ર, પવન, વર્ષાદ ...ઈ શકે તેવો ખ્યાલો ...

છે. તેનો વ્યવસાયજ અવલોકન અને અનુકરણ છે. જેમ કુદરતનું કલા-ચિત્ર કુદરતની ગેરહાજરીમાં કુદરતનું પ્રતિબિમ્બ જોવા માટે છે તેમજ મનુષ્ય જીવનનું પ્રતિબિમ્બ જોવા માટે શબ્દચિત્રરૂપ બાલવાર્તાઓ છે. બાળકોની સમક્ષ જીવાતા મનુષ્ય જીવનને શબ્દચિત્રોથી ચિત્રનારી વાર્તાઓ તે બાલવાર્તા છે. એ વાર્તાઓમાં મનુષ્ય વિચાર અને વિકાર તરવરે છે. એ વાર્તાઓમાં ઘરમાં બનતા અનેક નાના મોટા બનાવોની કલ્પના-મિશ્રિત આછી આછી છાયા છે. એ વાર્તાઓમાં મનુષ્ય જીવનનું સર્વ રસભર્યું નાટક છે. મનુષ્ય જીવનનો ખેદભર્યો ઉપહાસ છે અને આનંદ ભર્યો વિષાદ છે. આવી વાર્તાઓ તે બાલવાર્તાઓ છે.

૨. બાલકની વાર્તાઓ ટૂંકી, સાદી, સરલ, શુધ્ધ, અને ઘરગથ્થુ ભાષા ભરી હોવી જોઇએ.

બાલકની મનની સ્થિતિ જોતાં તેને માટે વાર્તા ટૂંકીજ જોઇએ. બાલકનો સ્વભાવ શિક્ષણની બાબતમાં સંયોગીકરણ પધ્ધતિને અનુસરે છે. એકી સાથે હરકોઇ વસ્તુનો એક આખો ખ્યાલ લઇ લેવાનો બાલકનો પ્રયત્ન હોય છે. બાલકની નજર એકી સાથે આખી વસ્તુને ઘેરી લે એટલુંજ મોટું અને છેક આછી ચિત્રામણવાળું ચિત્ર તેની પાસે મૂકવાથી બાલક ચિત્રનો આનંદ લઇ શકે. તેવુંજ વાર્તાની બાબતમાં છે. એકજ બનાવ ઉપર કે થોડાંજ પ્રાણીઓની કે થોડાજ મનુષ્ય જીવનના રંગોવાળી વાર્તાઓ બાલક પકડી શકે છે. જે વાર્તામાં અનેક વિધરંગો પૂરેલા હોય છે તે વાર્તાઓ બાલકને અગ્રાહ્ય થઇ પડે છે વિગતોવાળી વાર્તા બાળક એક વાર્તા રૂપે લઇ શકતું નથી પણ તેને મન તે અસંબધ જૂદી જૂદી વાર્તાઓ થઇ પડે છે અને તેનો રસ ઉડી જાય છે. બાળકની ઉમરના પ્રમાણમાં અને તેની ગ્રહણ ધારણ શક્તિ ધ્યાનમાં રાખીનેજ કેટલી ટૂંકી કે લાંબી વાર્તા તેને માટે નક્કી કરવી તેનો વિચાર કરવો ઘટે છે.

વાર્તા સાદી અને સરલ જોઇએ. વાર્તાનું બંધારણ એવું જોઇએ કે જે સરલતાનો નમૂનોજ હોય એટલે કે વાર્તામાં એકાએક ટેકરા અને એકાએક ખાડા ન જોઇએ. ઘડીમાં રસના શિખરે ચ[illegible]
[illegible]તાની ઉંડી ખાઇમાં ગબડી જવાય [illegible]
[illegible] કરીને સીધા માર્ગ જેવા
[illegible]માં ખાડા ટેકરા [illegible]

આશ્ચર્ય ચિહ્નોની પરંપરા. જે સાદાઈ બાલકના હૃદયમાં છે તે સાદાઈ બાલવાર્તામાં જોઇએ. એ વાર્તાઓ નાની એવી પણ અસ્ખલિત વહેતી, સીધી, નિર્મળ, લાંબા ટૂંકા પટ વિનાની, રેતી સાથે રમતી નદીના જેવી હોવી જોઇએ. તેમાં સર્પાકાર તો કોઈકજ હોય અને તે પણ બહુજ નાનો. કહેનારના મોઢામાંથી સ્વાભાવિક રીતે જાણે સરકતી હોય અને સાંભળનારના કાનમાં જાણે વિના આયાસે પેસી જતી હોય એવી જોઇએ. બાલવાર્તાનાં વસ્તુની ભાવના શુદ્ધ અને પવિત્ર જોઇએ અને તેને સ્પષ્ટ કરતી ભાષા બને તેટલી ઘરગથ્થુ જોઇએ.

ઘણા લોકોનું માનવું છે કે બાલકોને તેમની કાલી બોબડી ભાષામાં વાતો કરીએ તો તેમને મજા પડે છે. આ એક ભ્રમ છે. આથી નુકસાન છે. બાલકોને ચોકખી વાણી સાંભળવી ગમે છે. તેમની વાણી જ્યારે જ્યારે અશુદ્ધ હોય છે ત્યારે ત્યારે તે શુદ્ધ વાણી સાભળવાનો પ્રયત્ન કરે છે. આવે વખતે આપણે અશુદ્ધ વાણીનો પ્રયોગ કરીએ છીએ તો બાલક માને છે કે આપણે તેનું અપમાન કરીએ છીએ–તેની મશ્કરી કરીએ છીએ. આથી બાલક આપણા ઉપર નારાજ થાય છે. બાલકને પોતાની ભાષામા ઘણુંજ નુકસાન થાય છે. તેની વાણી શુદ્ધ થવાને બદલે અશુદ્ધ બને છે અને અમુક સમયે બાલકની ભાષા શુદ્ધ થાય તે માટે તેને ઘટતી મદદ ન આપવામાં આવી હોય તો તે અશુદ્ધ થયેલી ભાષાને પુનઃ શુદ્ધ થતાં ઘણો વખત લાગે છે. વળી બાલકોને ભાષા શીખવી દેવાના અઘટિત લોભથી અથવા ઘરગથ્થુ ભાષાના ગૌરવને સમજતા ન હોવાથી કેટલાએક વાર્તા કહેનારા ચોપડીની ભાષાનો પ્રયોગ કરે છે. આથી બાલકને વાર્તા સમજવાનું કઠણ પડે છે, તેની ભાષા બગડે છે અને રસની મજા તો બીલકુલ જામતીજ નથી. ઘરગથ્થુ ભાષા બાલકની ભાષા છે. તે ભાષા દ્વારાજ બાલક બાલ્યાવસ્થામાં આખી દુનિયાનું જ્ઞાન લે છે. ઘરગથ્થુ ભાષામાં જે વ્યાકરણના દોષો હોય કે અતિ ગ્રામ્યતા હોય તે તો અલબત્ત કાઢી નાંખવાજ જોઇએ.

૩. શબ્દસમૂહ, વાકય સમૂહ કે નાનાં જોડકણાં કે એવી નાની કવિતાઓ બાલવાર્તાના પ્રાણરૂપ છે. જે બાલવાર્તામાં આ વસ્તુઓ નથી તે બાલવાર્તા બીજી બધી રીતે પૂર્ણ હોય તોપણ અપૂર્ણજ છે અથવા બાલ- ના નામને અયોગ્ય છે. વાર્તાનાં Plot બંધારણની બાલકને બહુ દરકાર ... તો તેને વાર્તામાં જમાવટ જોઇએ ...

પ્રયોગથી આવી શકે છે. આવી વાર્તાઓમાં ચોક્કસ શબ્દ પ્રયોગ કે વાક્ય પ્રયોગ રાખી મૂકવાથીજ વાર્તાનો પ્રાણ સચવાય છે. તેમાં ફેરફાર કરવાથી કે વધારો ઘટાડો કરવાથી નહિજ.

આવા પ્રકારની વાર્તાઓ તે ખરી બાલવાર્તાઓ છે. જે વાર્તામાં ઉપલા બધાય ગુણો નથી તે બાલવાર્તાઓ નથીજ.

વાર્તા કહેનારની તૈયારી.

ઘણા માણસોનું એવું ધારવું છે કે વાર્તા કહેવી એ એક સહેલી વાત છે. આ માન્યતા ભૂલ ભરેલી છે. વાર્તા એક કલા છે. વાર્તાનું કથન પણ એક કલા છે. કોઇ પણ કલાને તેના સંપૂર્ણ સ્વરૂપમાં બીજા સમક્ષ રજુ કરવી અને તેને તેના આનંદનો ભોક્તા કરવો એ કામ ઘણુંજ મુશ્કેલ છે. હરેક વાર્તા કંઇ ને કંઇ વિશિષ્ઠતાથી ભરેલી હોય છે. કોઇ વાર્તા હાસ્યરસ પૂર્ણ હોય છે, તો કોઇ વાર્તા શોકરસ પ્રધાન હોય છે. કોઇ વાર્તામા ઉંડો વિનોદ રહેલો હોય છે તો કોઇ વાતમાં ગૂઢ નિરાશા હોય છે. કેટલીએક વાર્તાઓ એવી છે કે જેમા કેવળ બોધ સિવાય કશું હોતુંજ નથી, જ્યારે કેટલીક વાર્તાઓ એવી છે કે જે કેવળ દેખીતી રીતે અર્થ વિનાની હોય છે. કેટલીક વાર્તા અદ્‌ભુત ચમત્કારોની ખાણરૂપ હોય છે તો કેટલીએક હકિકત પ્રધાનજ હોય છે, કેટલીક પરીઓની ઝમકભરી કલ્પનાઓથી રંગાચેલ હોય છે, જ્યારે કેટલીકમાં કલ્પનાને સ્થાન પણ નથી હોતું. બધીય વાર્તાઓ વિવિધ રંગી, વિવિધ વેશવાળી, વિવિધ ભાવો અને રસવાળી હોય છે. વાર્તાઓમા રહેલું આ બધું વાર્તા સાભળનારમાં રેડી દેવાનું કામ વાર્તા કહેનારનું છે. વાર્તાનો કોઇ પણ ભાવ જાણે તે વસ્તુ હોય તેમજ, વાર્તા કહેનારે શ્રોતાને આપી દેવાનો છે. જે ભાવ વાર્તાની પાછળ હોય તે ભાવને આબેહૂબ કથનમા ખડો કરી શ્રોતાના હૃદયમા ગાળી દેવાનું કામ વાર્તાના કથાકારનું છે. આવું કામ કરનારની તૈયારી સુંદર જોઇએજ. આવી તૈયારીમાં નીચેની બાબતો મુખ્ય છે.

૧. વાર્તા કહેનારે વાર્તાના આત્માને પોતામા ઉતારી દેવો. જ્યાં સુધી વાર્તાના આત્માને પકડી શકાય નહિ અને તે આત્માને હૃદયમાં ભરી દેવાય નહિ ત્યાં સુધી વાર્તાનું કથન નિષ્ફળજ જવાનું. વાર્તાનો આત્મા ”

[illegible] કહેનારે વાર્તાને પીછાણવી જોઇએ [illegible]

લેવું જોઈએ. આ બધું શોધ્યા પછી તે વાર્તા સાથે પોતે એકલા અનુભવવી જોઈએ. જે ભાવ જેવી રીતે વાર્તાના પાત્રોને સ્પર્શતા હોય છે તેવી રીતે તે ભાવ પોતાને સ્પર્શતા કરવો જોઈએ. વાર્તાનાં પાત્રોનાં વાણી અને વર્તનની આબેહૂબ કલ્પના અને તાદૃશ્યતા તેના હૃદયમાં ઉતારી દેવી જોઈએ વાર્તાને તેણે વાર્તા ન ગણી કાઢતાં તેને સાચી બનાવટ સમજી લેવી જોઈએ. અને તેના પાત્રોના ભાવોથી જૂદા ન પડી જતાં તેની સાથે પોતાની જાતને જોડી દેવી જોઈએ.

૨. વાર્તા કહેનારે પોતાની વાર્તા બરાબર જાણવી જોઈએ. આ વાત ઉઘાડી રીતે સાચી છે છતાં તે જાણી લેવા જેવી છે. ઘણા વાર્તા કહેનારા અરધે રસ્તે વાર્તામાં અટકી પડે છે અને પછી શું થયું તેનો વિચાર કરવા બેસી જાય છે. કેટલાયે વાર્તા કહેનારા શરૂઆતનું ભૂલી જઈ પાછળનું કહી નાખી પાછળથી શરૂઆતનું ભેળવી દે છે. ઘણાઓ નામોનો ગોટાળો કરે છે, ઘણાઓ વાર્તાના બંધારણમાં કંઈ ને કંઈ ભૂલી જાય છે એટલે પાછળથી કંઈક જોડી કાઢી મેળ મેળવી દે છે અને ઘણાએક વાર્તા ભૂલી જવાથી અથવા ઘણી વાર્તાના એકી સાથે સ્મરણથી એક વાર્તામાં બીજી વાર્તા ઘુસાડી દઈ આગળ જતાં કોકડું ગુંચાઈ જવાથી મુંઝાઈ જાય છે. આવાં કારણોને લીધે વાર્તાના કથનથી જે છાપ પાડવાની છે તે પાડી શકાતી નથી, કથન એકદમ નિરસ થાય છે અને શ્રોતાજન વાર્તાના કહેનારમાં શ્રદ્ધા ખોઈ નાખી નિરૂત્સાહી બની જાય છે. હરેક વાર્તા કહેનારે પોતાની વાર્તા જાણવીજ જોઈએ. પોતાની વાર્તા તેણે એટલે સુધી જાણી લેવી જોઈએ કે જાણે હરેક બનાવ પોતાના અનુભવનો જ હોય. એ વાર્તાનું ખોખું અને પ્રાણ તેના ધ્યાનમાં એટલી સુંદર રીતે હોવાં જોઈએ કે વાર્તા કહેનારે વાર્તા કહેતી વખત વાર્તાનો, તેના બંધારણનો, તેની વાણીનો, અને તેમાં આવતા હાવ ભાવનો વિચાર સરખો પણ ન કરવો પડે. આમ કરવા માટે વાર્તાને શબ્દશઃ મોઢે કરવાની નથી પણ વાર્તાનું કેન્દ્ર પકડી લેવાનું છે. આ વાર્તા શેની છે, આ વાર્તામાં શું છે એ જો બરાબર ગળામાં ઉતરી જાય તો વાર્તા સહેજે મુખપાઠ થઈ જાય. બેશક, વાર્તાની શોભારૂપ અને પ્રાણરૂપ શબ્દો, પ્રાસાનુપ્રાસ, ઘરગથ્થુ વાણીના ખાસ પ્રયોગો, જોડકણાં, કવિતા અને વાર્તામાં 'આવતું પુનરાવર્તન તો વાર્તા કહેનારને મોઢેજ હોવું જોઈએ અને તે

વરસાદ જ.'

વાર્તાની પસંદગી કરવી જોઇએ. જૂદી જૂદી ઉમરનાં બાલકો માટેની જૂદી જૂદી વાર્તાઓમાંથી ઉમર પ્રમાણેની લાયકાત અનુસાર વાર્તા પસંદ કરવી જોઇએ. ઘણીવાર વાર્તાની પસંદગીનો આધાર કહેવાનાં સ્થળ (ઘર અથવા નિશાળ) કે કહેવાના સમય (રાત અથવા દિવસ) ઉપર પણ રહેવો જોઇએ. કેટલીક વાર સંજોગોની અનુકુલતા પ્રતિકુલતા ઉપર પણ વાર્તાની પસંદગી કરવી જોઇએ. વાર્તાની યોગ્ય પસંદગી કરવાનું કાર્ય ઘણું અઘરૂં છે. બાલસ્વભાવને ઓળખનારજ એ કામ ઘણી સહેલાઇથી કરી શકે છે છતાં એ પોતે પણ દરેક વખતે કયા નિયમોને અનુસરે છે તે જાણતો નથી. બાલ સ્વભાવના પરિચયથી તેને વાર્તા પસંદ કરવાની આવી હાથ બેસી જાય છે, આવું અનુભવથી બની જાય છે છતાં એ પસંદગીના સામાન્ય નિયમો હોઇ શકે છે જેમાંના થોડાએક ઉપર જણાવ્યા છે. સમૂહ માટેની વાર્તાઓ અને વ્યક્તિ માટેની વાર્તાઓની પસંદગીની બાબતમાં પણ તફાવત પડે છે સરખી ઉમરનાં બાલકોમાં પણ બુધ્ધિભેદે કરીને વાર્તાની પસંદગીમાં તફાવત પડે છે. પણ આ બધું તે વિષયમાં રમી રહેલનેજ સાધ્ય હોય છે અને એને માટે નિયમો તો ઘડી શકાયજ નહિ.

વાર્તા કહેનારે પોતાની વાર્તા કેવી રીતે કહેવી જોઇએ કે જેથી વાર્તાથી જે લાભો આપી છકાય છે તે આપી શકાય ?

વાર્તા કહેનારે વાર્તા કહેતી વખતે નીચેની બાબતો પર ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

૧ પ્રત્યેક વાર્તા કહેનારે પોતાની વાર્તા આડંબર વિનાની અને વિષયાન્તરથી કેવળ મુક્ત રાખવી જોઇએ. ઘણા માણસો વાર્તાદ્વારા જ્ઞાન આપવાના અયોગ્ય હેતુથી એક વાર્તામાં ઘણી વાતો ગુંથી દે છે. આથી વાર્તાના બંધારણમાં શિથિલતા આવી જાય છે અને ઘણી વાતોનો ખીચડો થઇ જવાથી વાર્તાનો આનંદ જામતો નથી તેમ જ્ઞાન પણ મળતું નથી. વાર્તાનો પ્રવાહ અસ્ખલિત એક ધારો હોવો જોઇએ. એક પણ આડી અવળી વાત પર ચડી જવું ન જોઇએ વાર્તાના પાત્રોના મનોભાવને જેટલો અવકાશ હોય તેટલાજ પ્રમાણમાં તેને વ્યક્ત કરવો જોઇએ. લાંબાં વર્ણનો, બીજી બાબતોનાં દૃષ્ટાન્તો વગેરેનો ત્યાગ કરવો જોઇએ. વાર્તાના શબ્દો બધા ચોક્કસ અને અર્થ સૂચક વાપરવા જોઇએ કે જેનો અર્થ સમજતાં

વિષયાન્તર થાય છે ત્યારે વાર્તાનો વેગ અટકી જાય છે, વહન સૂકાઇ જાય છે અને સાંભળનારનો રસ ઉડી જાય છે. વાર્તાને ડાળીડાળા વિનાનાં સીધા સોટા જેવા ફક્ત માથે પાંદડાવાળા એક તાડના ઝાડ જેવી કલ્પી લેવી જોઇએ. તેના કથન વખતે સાંભળનારને પ્રશ્ન પૂછાય નહિ, તેમજ તેનું કોઇ પણ વખતે અનુમોદન પણ લેવાય નહિ. વળી વાર્તા છેક આડમ્બર વિનાજ કહેવી જોઇએ. મોટા બરાડા પાડવાથી કે વધારે પડતા હાવભાવ કરવાથી વાર્તા વધારે સારી રીતે કહેવાતી નથી. ઉલટું જ્યાં મોટા બરાડા પાડવામાં આવે છે ત્યાં વાર્તા સંભળાતીજ નથી અને જ્યાં વધારે પડતા હાવભાવ હોય છે ત્યાં વાર્તા હાવભાવમાંજ ડૂબી જાય છે. વાર્તા કહેનારે વાર્તાનાં પાત્રોનો બધોય સોંગ કરવાનો નથી પરંતુ જ્યાં શબ્દ કરતાં સોંગથી વાર્તાનો પ્રાણ વધારે બળથી દેખાડી શકાતો હોય ત્યાં તો સોંગ કરવોજ જોઇએ. કેટલીએક વાર તો જે વાત શબ્દથી કહી શકાતી નથી તે શરીરના હાવભાવથી આબાદ રીતે દેખાડી શકાય છે. આમ છતાં સોંગથી વાર્તા કહેનારે ચેતતા રહેવાનું છે. એમા અતિપણું આવી ન જાય માટે તેનાથી સદૈવ સાવધ રહેવાનું છે. જેમ સોંગ હદ બહાર જાય તેમ વાર્તાની કલા કૃત્રિમ થાય અને વાર્તાનો હેતુ અદૃશ્ય જાય. સોંગ પણ તેજ માણસો કરી શકે કે જેઓ તેને સ્વાભાવિકપણે અને વિના આયાસે કરી શકતા હોય. જેઓને સોગ પરાણે કરવો પડતો હોય, જેઓમાં સોંગ અસ્વાભાવિક હોય અને જેઓને સોગ માટે સીધો પ્રયત્ન કરવો પડે તેમણે તો કદિ સોંગ કરવોજ નહિ એવાઓ સોગ ન કરે તેમાંજ વાર્તાના સાંભળનારાઓને લાભ છે.

૨ વાર્તા કહેનારની વાણીમા સ્પષ્ટતા જોઇએ. તેનો અવાજ પ્રસંગાનુસાર ઝીણો મોટો થતો જવો જોઇએ. તે અવાજમાં વાર્તાનો વિનોદ, વાર્તાનો શોક, વાર્તાની સઘળી લાગણીઓ અને ભાવો ધ્વનિત થવા જોઇએ. વાર્તા ન અતિ ઉતાવળથી થવી જોઇએ કે ન અત્યન્ત ધીમેથી. સાધારણ રીતે વાર્તાના કથનનો વેગ વાર્તા પોતેજ નક્કી કરી આપે છે; છતાંય મધ્યમ ગતિથી વાર્તા કહેવાય તોજ સારૂં. અવાજથી આપણે વાર્તામાં રહેલ ભાવો જેવી સુંદર રીતે પ્રકટ કરી શકીએ છીએ તેવી સુંદર રીતે બીજાં સાધનો વડે વાર્તાના ભાવો પ્રકટ થઇ શકતા નથી, અવાજમાં આપણે હાસ્ય દર્શાવી શકીએ છીએ, અવાજમાં આપણે શોક પ્રદર્શિત કરી શકીએ છીએ અને [illegible] પ્રાણને વહે[illegible] [illegible]એ. અવા[illegible]

પાડીને વાર્તા કહી શકાયજ નહિ. ઘાંટા પાડીને વાર્તા કહેવાથી વાર્તા બાલકના મગજમાં જતી નથી પણ માત્ર કર્કશ અવાજ જ જાય છે અને તેથી બાલકના કાનની શક્તિ ઘટે છે. બાલકને માત્ર સંભળાય તેટલોજ અવાજ બસ છે.

૨ વાર્તા કહેનારે હમેશાં એક કરતાં વધારે વાત, કહેવા માટે તૈયાર રહેવું જોઇએ. જો એકાદ વાર્તા બાલકોના સાંભળવામાં પૂર્વે આવી ગઇ હોય અને તેથી કે વાર્તાની પસંદગીમાં ભૂલ થવાથી નિષ્ફળ જાય તો તુર્તજ વાર્તા વાપરવામા આવે. જે મનુષ્ય એકાદ બે પાચ વાર્તા વાચી કે સાંભળીને વાર્તા કહેવા નીકળે છે તે હમેશ તેના કામમાં નિષ્ફળજ જવાનો. વાર્તા કહેવાનું કામ કરનારે તો સંખ્યાબંધ વાર્તાઓ જાણવાની જરૂર છે અને હરેક વખતે તેણે વાર્તા કહેવાને તત્પરજ રહેવું જોઇએ.

૪ વાર્તા કહેનારે વાર્તા કહેતી વખતે એક બાલક તરીકે એ વાર્તાનો આનંદ લેવાનો છે તેમજ પોતાનીજ વાર્તા બીજો કોઇ કહેતો હોય અને તે પોતે સાંભળતો હોય એવી, વાર્તા પ્રત્યે તટસ્થતા રાખવાની છે. આમ કરવાથીજ પોતે બાલકની દૃષ્ટિને સમજી શકે છે અને પોતે પોતાનોજ ટીકાકાર બની જઇ પોતાની ભૂલો શોધી કાઢી સુધારી શકે છે. આ બન્ને કામ કરવા ઉપરાંત વાર્તામાં પોતે પણ તલ્લીન થઇ જવાનું છે, પોતે પણ વાર્તાના ભાવો અને લાગણીઓ જગાડવાની સાથે અનુભવવાનાં છે તે ભૂલી જવાનું નથી.

વાર્તા કહેનારે કેટલીએક ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય સૂચનાઓ.

વાર્તા કહેનારે નીચે લખી સુચનાઓનું મનન કરવું જોઇએ.

૧ વાર્તા સાંભળનારે બાળકોનો શરૂઆતનો ઘોંઘાટ, ઘોંઘાટ બંધ કરવાનો હુકમ આપીને બંધ કરાવવો નહિ, પણ વાર્તા શરૂ કરીનેજ બંધ કરાવવો. વાર્તા શરૂ થતાંજ ઘોંઘાટ એની મેળેજ બંધ પડશે.

૨ જ્યારે જ્યારે કોઇ બાલકનો વાર્તામાંથી રસ ઉડી જાય તેથી અથવા બીજા કોઇ કારણથી વાર્તામાં તે ધ્યાનરહિત થઇ જાય ત્યારે ત્યારે તેનું નામ માત્ર બોલવું અને વાર્તા તો આગળ ચલાવ્યેજ જવી.

૩ વાર્તા કહેવાતી હોય તે દરમિયાન જો કોઇ બાળક તોફાન મસ્તી કરે તો તેને માટે બીજા કાંઇ પણ ઉપાયો ન લેતાં તેને પોતાની પા

રાખવું. જેટલાં બાળકો તેટલા મતો થઇ જાય, માટે આપણે જ વાર્તા નક્કી કરી એકાએક શરૂ કરવી.

૫ વાર્તા માટે બાળકોને એકઠાં કરવાં હોય તો તેમને બોલાવવાને બદલે બાળકોને કંઇ જોડકણાં કે કવિતા જેવું બોલાવવા મંડી જવું એટલે બીજાં બાળકો આવી જાય.

૬. વાર્તા ચાલતી હોય ત્યારે ખાસ અસાધારણ કારણો વિના કોઇની સાથે બોલવું નહિ. વાર્તાના પ્રવાહને અટકવા દેવો નહિ.

૭. બાળકની થતી ભૂલો માટે, અથવા બાળકોને પોતાની બેસવાની ઢબમાં વ્યવસ્થિત કરવા વાર્તા ચાલતી હોય તે દરમિયાનજ એકાદ બે શબ્દોથી હુકમો આપી તુર્તજ રવાના થઈ જવું.

૮ હમેશ વાર્તા પૂરી થઇ રહી છે તે માટે "આંબે આવ્યા કોર અને વાર્તા કહીશું પોર" કે એવાં વાક્યો બોલવાં કે જેથી બાળકને વાર્તાનો સંતોષ મળી જાય અને તેઓ વધારે વાતો માટે તલસે નહિ.

૯ કહેવાઇ ગયેલ વાર્તા કદિ પણ બાળક પાસે બોલાવવી નહિ. એકની એક વાર્તા વારંવાર દિવસોનાં અંતરે કહ્યા કરવી. આથીજ વાર્તાનાં અંગ ઉપાંગ અને ભાષા બાળકોના પોતાનાં બની જાય છે.

૧૦ વાર્તામા જ્યાં નીતિબોધ હોય ત્યા તે તરફ બાળકોનું ધ્યાન સ્વાભાવિક રીતે જાય તેવી રીતે વાર્તા કહેવામા વાંધો નથી પરંતુ નીતિબોધ બહાર કાઢી બાળકો સમક્ષ ઉઘાડો કરીને મૂકવો નહિ.*

શ્રી દક્ષિણામૂર્તિ
વિદ્યાર્થિ ભવન.
ભાવનગર.

ગિરિજાશંકર ભગવાનજી બધેકા.

---

* ગુજરાત વિદ્યાપીઠને અંગે ચાલતા અધ્યાપન મંદિર—અમદાવાદની
[illegible]

સાર્વભૌમ વાર્તા.

ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી પૃથ્વીના બધા દેશોમાં, મોટા મોટા ખંડોમાં કે નાના નાના ટાપુઓમાં, સુધરેલા લોકોમાં તેમજ જંગલી લોકોમાં, ઘરડાઓમાં તેમજ બચ્ચાંઓમાં, સંસારીઓમાં કે સંન્યાસીઓમાં જો કોઇ સર્વ સામાન્ય વ્યસન હોય તો તે વાર્તાનું છે સંજ પડી છે અને છતાં વાર્તા ચાલતી નથી એવું દુનીયામા એકે ગામડું નહિ હોય.

× × × ×

હાલના જમાનામા આગગાડી, તાર, આગબોટ, વેતાલયંત્ર (વાયરલેસ ટેલેગ્રાફ), છાપાઓ અને છાપખાનાંઓ વધી ગયાં છે તેને લીધે દુનીઆની ગમે તે વસ્તુ ગમે ત્યાં પહોચી શકે છે. પણ જ્યારે આવા કોઇ પણ સાધનો નહતાં ત્યારે પણ કેટલીક વાર્તાઓ હવાની માફક ત્રિખંડમાં ફરતી હતી, એ હવે સિદ્ધ થઇ ગયું છે. કેટલીક નાનકડી સાદી પણ સુંદર વાર્તાઓ જ્યારે આપણે આપણા ગામડામા સાંભળીએ છીએ ત્યારે આપણને થાય છે, કે બહુ તો આ વાર્તા બાર ગાઉની અંદરજ ફરતી હશે. પણ શોધખોળ કરતાં એવું માલુમ પડ્યું છે, કે એની એ વાર્તા દેશ કાલાનુરૂપ સહેજ બદલાએલા વેશમાં અરબસ્તાનના તંબુમાં, સહરાના રણમા, મધ્ય એશિયાના જગજુના શહેરોમાં કે રશિયાનાં ઝુંપડામા નાનાં નાના બાળકો ડોસીમાના ખોળામાં બેસીને સાંભળે છે.

× × × ×

આધુનિક સાધનોને લીધે વિશાળ દુનીઆનું એક શહેર બન્યું છે, જેની અંદર દરેક દેશ એ શેરીને સ્થાને છે અને શહેરો તે ઘરો બન્યાં છે, એમ કહેવાય છે. છતા જુના જમાનામાં દરેક દેશના લોકો અન્ય દેશોના વતનીઓનું લોકજીવન આપણા કરતા વધારે જાણતા.

આ વાત આપણને જેટલી અસંભવિત લાગે છે તેટલીજ તે શક્ય છે. દેશ દેશાન્તર જોવા ખાતર જીંદગીનાં ત્રીશ ચાલીશ વર્ષ ગાળનાર માર્કોપોલો, ઇબ્ન બટુટા અથવા હુએનત્સંગ આજે ક્યાં છે? જુના વખતમાં વેપારીઓ અને પરિવ્રાજકો આખી દુનીયા ફરતા, અને દેશ દેશ[illegible] અજબ વસ્તુઓ સાથે નવા નવા વિચારો [illegible] સુંદર [illegible]

હિંદુસ્તાનમાં પણ યાત્રા માટે નીકળેલા ઋષિમુનિઓ જ્યાં ક્યાંઇ સત્ર આવતું હોય ત્યાં થોડા દહાડા વિશ્રાન્તિ કરતા અને અત્યંત ઉત્સાહથી ધાર્મિક વાર્તાઓનો વિનિમય કરતા. બુદ્ધ ભગવાન પણ દરરોજ સાંજરે શ્રમણ ભિક્ષુકોને ભેગા કરીને વાર્તા કહેતા. ઇશુ ખ્રિસ્ત ધર્મોપદેશ કરતા ત્યારે વાર્તા મારફતેજ ઠસાવતા. વાર્તા પાછળ ગાંડા થએલા અને કોઇ દિવસ પૂરી ન થાય એવી વાર્તા સાંભળવા ખાતર આખું રાજપાટ ડૂલ કરવા તૈયાર થએલા રાજાઓ વિષે પણ આપણે સાંભળ્યું છે. જે સરસમા સરસ વાર્તા કહી જાણે તેના ભારેમાં ભારે અપરાધ પણ જુના જમાનામાં માફ થતા.

જ્યાં જ્યાં જુનું વેપારનું મથક હતું ત્યાં ત્યાં દૂર દેશાવરના વેપારીઓ સરાઇઓમાં ભેગા થાય અને ચાતુર્યની, ઠગબાજીની, આશુક માશુકની, કુતરાં બીલાડાંની, રાજા રાણીઓની, સાધુ સંતોની, ઇશ્વરી ક્ષોભની અથવા દૈવી ચમત્કારની, મંત્ર તંત્રની કે જાદુઇ ટોણાની વાર્તાઓ જરૂર ચાલેજ ચાલે. હજી જ્યાં રેલવે ગઇ નથી ત્યાં આ બધું જોઇ શકાય છે. કાશ્મીરમાં અને નેપાળમાં વેપારીઓથી ફાટતી સિરાહીઓમાં મેં આવી વાર્તાઓ ચાલતી સાંભળેલી છે.

આ વાર્તાઓ મુસાફરોને ભારેમાં ભારે શિક્ષણ આપનારી છે. દુનીઆમાં બધે મનુષ્ય સ્વભાવ સરખો છે, સુખ દુ:ખનાં કારણો સરખાં છે, સુખનીજ વસ્તુથી બધાનું હૃદય આવેશમાં આવે છે અથવા દયાથી પીગળી જાય છે—એનો સાક્ષાત્કાર આ વાર્તાઓ દ્વારા મળે છે. જે આશ્વાસન આપણને ધર્મપુસ્તકોથી, પુરાણથી કે કુરાનથી, બાઇબલથી કે થાલમદથી મળે છે તેજ આશ્વાસન અમેરિકાના નિગ્રો ગુલામોને આફ્રિકાથી એમના બાપ દાદાઓએ પોતાની સાથે આણેલી વાર્તાઓથી અને ગાયનોથી મળે છે.

વાર્તાઓનો શોખ જેટલો હિંદુઓમાં છે, તેટલો અથવા તેથી પણ વધારે મુસલમાનોમાં છે. હાલના પાશ્ચાત્ય સાહિત્યમાં આપણા મુગ્ધ હૃદયને પોતાના જેવું કંઇ નથી લાગતું. પણ યૂરોપના અને ખાસ કરીને દક્ષિણ યૂરોપ અને પૂર્વ યૂરોપની લોકવાર્તામાં આપણે આપણું હૃદય પ્રતિબિમ્બિત થએલું જોઇએ છીએ. યુરેશિયન સંસ્કૃતિથી જુદા પડેલા આઇસલૅન્ડના ... સગા (પૌરાણિક વાર્તાઓ) માં આપણને સાર્વત્રિક માનવી સ્વ-

માણસ પરિસ્થિતિ સાથે, તિર્યગ્યોનીઓ સાથે, જીવ સૃષ્ટિ સાથે એકરૂપ હતો. રામાયણમાં પણ વાલ્મિકિ પશુપક્ષિ મત્સ્ય, વાનર વગેરે સર્વ પ્રાણીઓ સાથે એકરૂપ થઇ શકે છે. આ સમભાવને લીધે આપણે સર્વ પ્રાણીઓ ઉપર પ્રેમ કરી શકતા હતા. એમના સ્વભાવ ઉપરથી ઘણું શીખી શકતા હતા, અને સર્વત્ર એકજ આત્મા છે એ સમજવું સહેલું હતું. 'એ કાઉ હેઝ નો સોલ' (ગાયને જીવ હોતો નથી). એવું વાક્ય પ્રેમના જુના જમાનામાં કોઇના મગજમા ઉદ્દભૂત થતુંજ નહિ. વાર્તાઓ એ મનુષ્યજાતિનું જુનામાં જુનું અને અત્યંત વ્યાપક એવું જીવન રહસ્ય (ફિલોસોફી ઓફ લાઇફ) છે.

ધાર્મિક આચાર, સ્મૃતિના નિયમો, રાજા તથા ધર્મગુરુઓની આજ્ઞાઓ, સામાજિક રીવાજો વગેરે અનેક વસ્તુઓથી માનવી મન અને હૃદય બદ્ધ છે. અને તેથી તેને કૃત્રિમતા જાળવવી પડે છે. પણ વાર્તાઓમા મનુષ્ય હૃદય, મનુષ્ય કલ્પનાની પરિપૂર્ણ છૂટ રહે છે, હૃદયની લાગણી અને સહજ સ્ફૂર્તિથી ઉત્પન્ન થતા વિચારો વાર્તાઓમાં પરિપૂર્ણ રીતે પ્રકટ થાય છે. કોઇ પણ સમાજની ઉન્નતિ ક્યાં સુધી થઇ છે એ જોવું હોય તો તે ધર્મશાસ્ત્ર ઉપરથી નહિ જણાય, સ્મૃતિઓમાં નહિ મળે, શિષ્ટ ગ્રંથોમાં નહિ ખોળી શકાય, ઇતિહાસમાથી પણ તે શોધી કાઢવું કઠણ છે. પણ કોઇ પણ સમાજની અસલી અથવા વ્યાવહારિક સંસ્કૃતિ કેવી અને ક્યા દરજ્જાની છે એનો સંપૂર્ણ ખ્યાલ તે સમાજની મૌલિક (ઓરીજીનલ) લોકવાર્તા ઉપરથી પરિપૂર્ણ આવી શકે છે. ધર્મગ્રંથોમાં તે સમાજના ઉંચામાં ઉંચા આદર્શો આપણને મળે છે. ઇતિહાસમાં અધિકારી વર્ગોનું અથવા જાતિઓનું જીવન કેવું હતું એની કલ્પના થઇ શકે છે. શિષ્ટ ગ્રંથો ઉપરથી વિદ્યાનો પ્રવાહ કઇ દિશામા અને કેવા વેગથી ચાલતો એ સ્પષ્ટ થાય છે. પણ લોકજીવનનું યથાર્થ ચિત્ર તો લોકવાર્તામાજ મળે છે.

માટે, કોઇ પણ સંસ્કૃતિનો સર્વાંગસુંદર અભ્યાસ કરવો હોય તો તે દેશની ધાર્મિક કથાઓ, ઐતિહાસિક વૃતાન્તો અને લોકવાર્તાઓ જાણવીજ જોઇએ. વાર્તા એ શિક્ષણનું સ્વાભાવિક સ્વરૂપ છે, કેમકે મનુષ્ય જીવનનું તેમાં પરિપૂર્ણ ચિત્ર હોય છે. માણસને જીવવામાં વધારેમાં વધારે આનંદ પડે છે, એ સ્વાભાવિક છે. અને તેથીજ મનુષ્ય માત્રને વાર્તાઓમાં વધારેમાં વધારે રસ પડે છે. ધર્મ...

બોધ આપે છે. ત્રણેની આવશ્યકતા છે, જે ઉપદેશ નીતિપાઠ ઠસાવી શકતા નથી, તે વાર્તાઓ ઠસાવે છે, કેમકે વાર્તાઓ મનુષ્યનું હૃદય બદલાવી નાખે છે. પ્રાણીઓ ઉપર દયા કરો એમ કહીએ એના કરતાં પ્રાણીઓ ઉપર પ્રેમ ઉત્પન્ન થાય અથવા એમની દીન દશા જોઈને દયા ઉત્પન્ન થાય એવી વાર્તાઓ કહીએ તો તેની અસર વધારે સારી થાય છે.

જીવનમાં કેટલો આનંદ રહેલો છે. એનું ભાન પણ વાર્તા દ્વારાજ આપણને થાય છે. ટીકા કરવી એના કરતા કરી બતાવવું એ વધારે સારૂં છે, એ સૌ જાણે છે. આજની લોકસ્થિતિ સારી ન લાગતી હોય તો સારી રહેણી રહી બતાવવી એ વધારે શ્રેષ્ઠ છે. એ ન બની શકે તો આપણે જે આદર્શ સ્થિતિ કલ્પતા હોઈએ તે પ્રત્યક્ષ અમલમાં આવી છે એમ બતાવનારી રસભરી વાર્તાઓ જો આપણે ઉપજાવી શકીએ તો પણ અરધું કામ થયું ગણાય. જો એ વાર્તા આપણે આપણી શક્તિને લીધે સમાજને પ્રત્યક્ષ કરાવી શકીએ તો સાક્ષાત આચરણ જેટલી તેની અસર સમાજ ઉપર પડે છે. મહા કવિ વાલ્મિકિનું રામયણ એજ જાતની વાર્તા છે. એમ કેટલાકનું માનવું છે. બ્રહ્મદેવની સૃષ્ટિ સામે જેમ વિશ્વામિત્રે સૃષ્ટિ નિર્માણ કરી હતી એજ પ્રમાણે કવ પણ વાર્તાઓદ્વારા પ્રતિસૃષ્ટિ નિર્માણ કરે છે અને વર્ગને ત્યા લઇ જઇ ત્યાના શહેરીઓ બનાવે છે.

કવિ પોતાના રાજ્યમા પોતાને ગમના ધર્મ—સિદ્ધાંતો ચલાવે છે, પોતાને પસંદ એવું બંધારણ ઉભું કરે છે, શાને ચાહવું અને શાને ત્યજવું એનો નિર્ણય કરે છે. અને વાચક વર્ગ પાસેથી સ્વેચ્છાથી તે બધું સ્વીકારાવે છે. માટે જ વાર્તા લખનાર કવિ બ્રહ્મા છે, મનુ છે, રાજા છે, સમાજ નેતા છે, મિત્ર છે, સાક્ષી છે. વાર્તાઓની કેળવણીની દૃષ્ટિથી યોગ્યતા ભારે છે, એમ હાલમાં યુરોપિયન પંડિતોએ શોધી કાઢ્યું છે.

આપણે ત્યાં રાજપુત્રોને ધાર્મિક વાર્તાઓ દ્વારા બધું જ્ઞાન આપતા. દરેક પુરાણ એ રાજપુત્રોને માટે અને સામાન્ય લોકોને માટે વિશિષ્ટ મતને અનુસરીને પરિપૂર્ણ પાઠય પુસ્તક હોય છે એ તરફ આપણા સમાજનેતાઓનું ધ્યાન કેમ ગયું નથી એ સમજાતું નથી. પચતંત્રની પ્રતિજ્ઞાની વાર્તા પણ એવી જ છે. રાજાના ડોઠ છોકરાઓ કેમે કર્યા ભણતા નહોતા તેમને આર્ય વિષ્ણુ શર્માએ વાર્તાદ્વારા છ મહિનાની અંદર ભણાવી ગણાવીને ડાહ્યા બનાવી દીધા. ઉપનિષદોમાં પણ મોટા મોટા ઋષિઓ વિશ્વના રહસ્યો ઉકેલનાર મહાન સિદ્ધાન્તો વાર્તાદ્વારા પોતાના શિષ્યોનાં મન ઉપર સહેલાઇથી ઠસાવતા. આજે પણ પોતાના પ્રસંગમાં આવેલાં :બાલ ગોપાલને વાર્તા દ્વારા આનંદ અને જ્ઞાન આપવા ' માણભટ ' અવતરેલા છે. દુની-

° દેશના સર્વ કાળના અને સર્વ જાતના શાસ્ત્રમાન્ય, લોકમાન્ય, ' ' આશીર્વાદ બક્ષો.